# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-02-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

****************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે રાજ્યસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવનો જવાબ આપશે.**
2. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, “ભારત ટૅક્સી” લોકોને એક મોટી શરૂઆત કરવાનું મંચ પૂરું પાડશે.**
3. **છત્તીસગઢમાં સુરક્ષા દળ સાથેની અથડામણમાં એક માઓવાદી ઠાર.**
4. **સેશલ્સના રાષ્ટ્રપ્રમુખ પૅટ્રિક હર્મની આજથી પાંચ દિવસ ભારતના પ્રવાસે.**
5. **WPL ક્રિકેટમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ અને દિલ્હી કૅપિટલ્સ વચ્ચે આજે ગુજરાતના વડોદરામાં ફાઈનલ મુકાબલો.**

,,,.....................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

## RS-PM MODI REPLY

સંસદીય બાબતોના કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રાજ્યસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવનો જવાબ આપશે. શ્રી રિજિજુએ ગૃહમાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેના આરોપને ફગાવી દીધા હતા.

રાજ્યસભા ગૃહના નેતા અને કેન્દ્રીય મંત્રી જે પી નડ્ડાએ પણ ખડગેના નિવેદનનો વિરોધ કર્યો. તેમણે કહ્યું, લોકસભા સંબંધિત મુદ્દાઓ પર રાજ્યસભામાં ચર્ચા થઈ શકતી નથી.

બીજી તરફ સંસદના બંને ગૃહની સંયુક્ત બેઠકમાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવનો લોકસભાએ ધ્વનિમતથી સ્વીકાર કર્યો.

**(BYTE – OM BIRLA)**

વિપક્ષના હોબાળા વચ્ચે, લોકસભાએ આ આભાર પ્રસ્તાવને સ્વીકાર્યો છે. લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ કહ્યું, હવે નીચલું ગૃહ કેન્દ્રીય અંદાજપત્ર પર ચર્ચા કરશે અને દરેક સભ્યને બોલવાની તક મળશે. વિરોધ પક્ષના સતત હોબાળા વચ્ચે, શ્રી બિરલાએ ગૃહને બપોરે 2 વાગ્યા સુધી સ્થગિત કરી દીધું.

. . . . . . . . . . . . . . . . . . .

## PM BUDDHA RELICS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કોલમ્બોના પવિત્ર ગંગારામયા મંદિરમાં દેવનીમોરી અવશેષના પ્રદર્શનનું ઉદ્ઘાટન કરવા બદલ શ્રીલંકાના રાષ્ટ્રપ્રમુખ અનુરાકુમારા દિસાનાયકેનો આભાર વ્યક્ત કર્યો.

સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ ભગવાન બુદ્ધના કરુણા, શાન્તિ અને સદભાવનો શાશ્વત સંદેશ માનવતાનું માર્ગદર્શન કરતા રહેશે તેવી પ્રાર્થના કરી. પ્રધાનમંત્રીએ કહ્યું, ગયા વર્ષે એપ્રિલમાં શ્રીલંકાના પ્રવાસ દરમિયાન આ નિર્ણય કરાયો હતો કે, આ અવશેષ શ્રીલંકા લઈ જવાશે.

શ્રી મોદીએ કહ્યું, ભારત અને શ્રીલંકા ઊંડા સભ્યતા અને આધ્યાત્મિક બંધનોથી જોડાયેલા છે.

. . . . . . . . . . . . . . . . . . .

## HM BHARAT TAXI

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, "ભારત ટૅક્સી" લોકોને સહકાર સાથે એક થવા અને તેમના નાના રોકાણથી એક મોટી શરૂઆત કરવાનું મંચ પૂરું પાડશે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી શાહે કહ્યું, "ભારત ટૅક્સી"ના માધ્યમથી લોકોને લાભ તો થશે જ, પરંતુ સન્માન સાથે તેઓ તેના માલિક પણ બની શકશે.

ટૅક્સીચાલકો માટે આજના દિવસને મહત્વનો ગણાવતા શ્રી શાહે કહ્યું, સહકારી ક્ષેત્રની પહેલી ટૅક્સી સેવા "ભારત ટૅક્સી"નો શુભારંભ આજે નવી દિલ્હીમાં થશે. તેમણે કહ્યું, તેઓ આ કાર્યક્રમમાં ભાગ લેવા ઉત્સુક છે.

**(V/C- SAUMYA SARAN)**

. . . . . . . . . . . . . . . . . . .

**JK AMIT SHAH**

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી ત્રણ દિવસ જમ્મુ-કાશ્મીરના પ્રવાસે જશે. તેઓ સુરક્ષા સ્થિતિની વ્યાપક સમીક્ષા કરશે. વિકાસ પરિયોજનાઓનું મૂલ્યાંકન કરશે તેમજ રાજકીય નેતાઓ સાથે બેઠક યોજશે. શ્રી શાહ સાંજે પાંચ વાગ્યાની આસપાસ જમ્મુ પહોંચશે અને રાજનેતાઓ સાથે મુલાકાત કરશે.

દરમિયાન શ્રી શાહ તેમની સુરક્ષા સંસ્થાઓ સાથે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિનું મૂલ્યાંકન કરવા અને વહીવટી અધિકારીઓ સાથે માળખાકીય સુવિધાઓની પ્રગતિ અંગે ઉચ્ચ સ્તરની બેઠક કરે તેવી શક્યતા છે.

ગૃહમંત્રી આવતીકાલે કઠુઆ જિલ્લાના હીરાનગરમાં આંતરરાષ્ટ્રીય સરહદ પર જશે અને સરહદ પર ઘુસણખોરી રોકવા સરહદ સુરક્ષા દળ

દ્વારા લગાવાયેલા નવા ઉપકરણનું નિરીક્ષણ કરશે. તેઓ બપોરે જમ્મુના લોકભવનમાં સુરક્ષા સ્થિતિ અંગે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક પણ કરશે.

. . . . . . . . . . . . . . . . . . .

## CHHATTISGARH MAOIST KILLED

છત્તીસગઢના બિજાપુર જિલ્લામાં આજે સવારે સુરક્ષા દળો સાથેની અથડામણમાં એક માઓવાદીને ઠાર કરાયો છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, આ વિસ્તારમાં સશસ્ત્ર માઓવાદીઓ હોવાની ખાનગી માહિતી મળી હતી. ત્યારબાદ સુરક્ષા દળોના સંયુક્ત દળે જિલ્લાના દક્ષિણ ભાગમાં તપાસ અભિયાન હાથ ધર્યું.

આજે સવારથી જ સુરક્ષા દળો અને માઓવાદીઓ વચ્ચે ગોળીબાર ચાલી રહ્યો છે. અથડામણ સ્થળ પરથી અત્યાર સુધી એક માઓવાદીનો મૃતદેહ અને એક એકે-47 રાયફલ જપ્ત કરવામાં આવી છે. આ વિસ્તારમાં તપાસ અભિયાન હજી પણ ચાલી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ

સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## UPSC REVISED NORMS

કેન્દ્રીય જાહેર સેવા આયોગ – યુ.પી.એસ.સી.એ જાહેર સેવા પરીક્ષા-2026 માટે ગઈકાલે જાહેર કરાયેલા સૂચનામાં, સિવિલ સર્વિસીઝમાં પહેલાથી જ સેવા આપી રહેલા ઉમેદવારો માટે પાત્રતા અને પ્રયાસની આવશ્યકતાઓને સ્પષ્ટ અને વિગતવાર જણાવી છે.

આ નિયમો કયા તબક્કામાં આવા ઉમેદવારોને પરીક્ષામાં ફરીથી હાજર રહેવાની મંજૂરી અપાશે કે નહીં તે સ્પષ્ટ કરે છે કે, સાંભળીએ અમારા સંવાદદાતાનો એક અહેવાલ.

## (બાઇટ - SARFAROSHI)

સિવિલ સર્વિસીસ પરીક્ષા માટે ઓનલાઈન અરજીઓ ખુલી છે, જેની અંતિમ તારીખ 24 ફેબ્રુઆરી છે. આવા નિયંત્રણો પહેલાં અસ્તિત્વમાં હતા,

પરંતુ ભારતીય પોલીસ સેવાના સંદર્ભમાં 2026માં શરતો વધુ સ્પષ્ટ કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . . . .

## SEYCHELLES PRESIDENT CHENNAI

સેશલ્સના રાષ્ટ્રપ્રમુખ પૅટ્રિક હર્મની ભારતના પહેલા સત્તાવાર પ્રવાસે આજે સવારે ચેન્નઈ પહોંચ્યા. તમિળનાડુના રાજ્યમંત્રી મધિવેન્ધન અને ઉચ્ચ અધિકારીઓએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું.

પાંચ દિવસના પ્રવાસે આવેલા શ્રી હર્મની રાજ્યના રાજ્યપાલ આર. એન. રવિ સાથે મુલાકાત કરશે. તેઓ સાત તારીખે મુંબઈ જશે અને મહારાષ્ટ્રના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને મળશે. બંને દેશ વચ્ચે સશક્ત રાજદ્વારી સંબંધના 50 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે તેમનો આ પ્રવાસ થઈ રહ્યો છે.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું, શ્રી હર્મની પ્રવાસ દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ સાથે પણ મુલાકાત કરશે અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય, પ્રાદેશિક અને આંતર-રાષ્ટ્રીય પરસ્પર હિતના મુદ્દાઓ પર ચર્ચા કરશે.

ઉલ્લેખનીય છે કે, સેશલ્સ હિન્દ મહાસાગર ક્ષેત્રમાં ભારતનું એક મહત્વનું દરિયાઈ પાડોશી છે. આશા છે કે, તેનાથી બંને દેશ વચ્ચે વ્યાપક સહકાર અને મજબૂત જાહેર સંબંધને વધુ ગતિ મળશે.

. . . . . . . . . . . . . . . . . . .

## DEMISE

આકાશવાણી, સમાચાર સેવા વિભાગનાં પૂર્વ હિન્દી સમાચાર વાચિકા રવિન્દર સબ્બરવાલનું આજે અવસાન થયું. છેલ્લા કેટલાક સમયથી તેઓ બીમાર હતાં. તેમણે વર્ષ 1985થી 2012 સુધી નવી દિલ્હીના આકાશવાણી, સમાચાર સેવા વિભાગમાં નિયમિત સમાચાર વાચક અને અનુવાદક તરીકે પોતાની સેવાઓ આપી હતી.

. . . . . . . . . . . . . . . . . . .

## WPL CRICKET VADODARA

મહિલાઓની પ્રીમિયર લીગ – WPL ટી-20 ક્રિકેટના ફાઈનલ મુકાબલામાં આજે રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ અને દિલ્હી કૅપિટલ્સ વચ્ચે મુકાબલો થશે. ગુજરાતના વડોદરામાં સાંજે 7:30 વાગ્યે આ મૅચ શરૂ થશે.

સ્મૃતિ મંધાનાની આગેવાની હેઠળની બેંગ્લુરુની ટીમ પોઈન્ટ ટેબલમાં ટોચ પર છે. જ્યારે જેમિમાહ રોડ્રીગ્ઝની આગેવાની હેઠળની દિલ્હીની ટીમ ત્રીજા ક્રમાંક પર છે. અગાઉ મંગળવારે રમાયેલી ઍલિમિનેટરની મૅચમાં ગુજરાતની ટીમને હરાવી દિલ્હીની ટીમ ફાઈનલમાં પહોંચી છે.

. . . . . . . . . . . . . . . . . . .

## GOV PORTAL

સરકારે ઔષધીય છોડની ખેતી માટે ઉપલબ્ધ મુક્તિ અને લાભ-વહેંચણીની આવશ્યકતાઓને પૂર્ણ કરતા હિસ્સેદારોને મૂળ પ્રમાણપત્ર જારી કરવાની સુવિધા આપવા એક ડિજિટલ પોર્ટલ શરૂ કર્યું છે. અરજી પ્રક્રિયાને ઍક્સેસ કરવા અને મૂળ પ્રમાણપત્ર મેળવવા કોઈપણ વ્યક્તિ **ABS E-FILING.NBA** india.in પોર્ટલ પર લોગ-ઈન કરી શકે છે.

ઉલ્લેખનીય છે કે જૈવિક વિવિધતા સુધારા અધિનિયમ વર્ષ 2023 માં લાગુ કરાયો હતો. સુધારેલા નિયમોમાં ઔષધીય છોડની ખેતી માટે મૂળ પ્રમાણપત્ર ઇલેક્ટ્રોનિક રીતે જારી કરવાની જોગવાઈ છે.

. . . . . . . . . . . . . . . . . . .

## UN INDIA AI SUMMIT

સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરસે કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I. વૈશ્વિક શિખર સંમેલનના આયોજન બદલ ભારતના નેતૃત્વની પ્રશંસા કરી. તેમણે કહ્યું, A.I. આંતરરાષ્ટ્રીય સંબંધ બાબતે મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. ઝડપથી વિકસી રહેલી A.I. ટૅકનિકના પડકાર અને તકનું વિશ્લેષણ કરવા તમામ દેશને એકસાથે આવવા પર પણ તેમણે ભાર મુક્યો.

શ્રી ગુટેરસ આગામી 19 અને 20 ફેબ્રુઆરીએ યોજાનારી ભારત A.I. ઇમ્પૅક્ટ સંમેલન 2026માં ભાગ લેવા નવી દિલ્હી આવશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ફ્રાન્સ A.I. ઍક્શન સંમેલનમાં આ અંગેની જાહેરાત કરતા કહ્યું હતું કે, વિકાસશીલ અને અલ્પવિકસિત દેશમાં યોજાનારું આ પહેલું વૈશ્વિક A.I. સંમેલન હશે.

. . . . . . . . . . . . . . . . . . .

## MANIPUR ASSEMBLY SESSION

મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન સમાપ્ત થયા બાદ રાજ્ય વિધાનસભાનું સાતમું સત્ર આજે સાંજે ચાર વાગ્યે શરૂ થશે. ભારતીય જનતા પાર્ટીના યુમનામ સિંહે ગઈકાલે મુખ્યમંત્રી પદના શપથ લીધા હતા. ત્યારબાદ તરત જ સાંજે મુખ્યમંત્રી સચિવાલયમાં તેમના મંત્રીમંડળની પહેલી બેઠક યોજાઈ.

ભાજપના નેતા નેમચા કિપગેન અને **N.P.F.**નાં લોસી દિખો-એ નાયબ મુખ્યમંત્રી પદનાં શપથ લીધા હતા.

તત્કાલીન મુખ્યમંત્રી એન. બિરેન સિંહના રાજીનામા બાદ રાજ્યમાં 13 ફેબ્રુઆરી 2025ના રોજ રાષ્ટ્રપતિ શાસન લગાવાયું હતું અને રાજ્ય વિધાનસભાને સ્થગિત કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . . . . . . . . .